<u>અખબારી યાદી</u>

તા.૦૯-૦૧-૨૦૧૪

# તિસ્તા સેતલવાડ સામેની ફરીયાદ અંગે નાગરિક નિસ્બત
# 'જો તમે મને તાબે ન થાવ તો તમે મારા દુશ્મન છો'
# આવી માનસિકતા સામે અવાજ ઉઠાવો

અમે ગુજરાતના નાગરિકો તિસ્તા સેતલવાડ અને અન્યોની પ્રતિષ્ઠાને નાણાંકીય ગેરરીતીના ઉપજાવી કાઢેલા આક્ષેપોના કાનુની દાવપેચથી ખરડવાના હિન પ્રયાસોને વખોડી કાઢીયે છીએ. આ કાનુની દાવપેચનો સમય એવો પસંદ કરાયો છે કે જેથી ગુલબર્ગ સોસાયટી અને અન્ય કેસોની ન્યાયીક પ્રક્રિયાના તિસ્તા સેતલવાડના પ્રયત્નોમાં અવરોધો ઉભા થાય.

તિસ્તાબેન અને અન્ય સામેના કેસો ઉભા કરવા ફાસીવાદી પદ્ધતીઓનો ઉપયોગ થઈ રહ્યો છે. પરંતુ, હકિકત આ પ્રમાણે છે.

ગુલબર્ગ સોસાયટીના પ્રકરણે સીટની તપાસને નીચેની કોર્ટ દ્વારા અપાયેલ સ્વીકૃતિને ઉપરની કોર્ટમાં પડકારવાના પ્રયત્નો થઈ રહ્યા છે એવું જાણવાની સાથે જ મોદી સરકારનો ઉચાટ આથી છતો થઈ જાય છે. ન્યાયની પ્રક્રિયાના પુરા જાણકાર શ્રી અરૂણ જેટલી જયારે નિવેદન દ્વારા ક્લીનચીટને સ્વીકારી પ્રકરણો બંધ કરવાની કે પડતા મુકવાની વાત કરે ત્યારે આશ્ચર્ય થાય છે કે અપીલોનો કાયદેસરનો માર્ગ પણ ન અપનાવવાની આડકતરી નુકતેચીની ભાજપની કોની સામે છે ? અત્યારથી જ અપીલ કેમ સતાવે છે ?

પતિ અને સમસ્ત જીંદગી ગુમાવી ચુકેલ વૃધ્ધ મહિલાના પુત્ર તન્વીર કે જેણે પિતા પણ ગુમાવ્યા છે તેને પણ આરોપી બનાવી ખોટી રીતે જેલમા પુરવાથી તેમને ક્યો મોટો રાજકીય લાભ મળી જવાનો છે ? રાજકીય દ્વેષી મનોવૃત્તિ વધારેને વધારે વિષમય ત્યારે બને છે જયારે માનવ અધિકારના અવાજ ઉઠાવતી જુદી જુદી સંસ્થાઓના સંચાલકોને ખોટી રીતે સંડોવવાના પ્રયત્ન થાય.

જીંદગીભર નખશીખ પ્રમાણીક રહેલ નિવૃત્ત ડી.જી. શ્રીકુમાર અને ફાધર સેડ્રીક પ્રકાશને પણ સાંકળવાના પ્રયત્નો સફળ થવાના નથી.

કોઈને આગળ ધરીને કરાયેલી આ ફરીયાદ હાસ્યાસ્પદ છે. તે જોતાં જ જણાઈ આવે છે કે તેમાંથી કોઈ ગુન્હો ફલિત થતો નથી. જે હકીકતો ઝીણવટથી તપાસાઈ ચુકી છે અને ફરીયાદીનો જેમાં એક પૈસો પણ ગયો નથી, જેનું ઓડિટ થઈ ચુક્યું છે તેવી વિગતો અખબારોમાંથી પણ ભૂતકાળમાં જણાઈ ચુકી છે તેને વારંવાર વાગોળાઈને ઉભી કરવાથી કંઈ વળવાનું નથી.

ખોટી રીતે પ્રયત્નો કરી માનસિક ત્રાસ ઉભો કરવાથી કોઈનું પણ મનોબળ તુટી જતું નથી. આખરે સત્યનો જ વિજય થાય છે. 'જો તમે મને તાબે ન થાવ તો તમે મારા દુશ્મન છો' એવી માનસિકતા સામે અવાજ ઉઠાવ્યા સિવાય કોઈ રસ્તો રહેતો નથી.

અમે ન્યાયીક પ્રક્રીયાને અવરોધવાની આ ફાસીવાદી માનસિકતા અને કાર્યશૈલીનો વિરોધ કરીએ છીએ તથા રાજ્યમાં લોકશાહી અને સત્યના અવાજનું રક્ષણ કરવા સૌને આગળ આવવા અપીલ કરીએ છીએ.

| | | |
|---|---|---|
| **ગૌતમ ઠાકર**<br>**મહામંત્રી, પીયુસીએલ ગુજરાત** | **સુરેશ મહેતા**<br>**કન્વીનર, પ્રબુધ્ધ નાગરિક શક્તિ મંચ** | **પ્રકાશ ન. શાહ**<br>**તંત્રી, નિરિક્ષક** |
| **રોહિત શુક્લ**<br>**પ્રમુખ, સેવ એજ્યુકેશન ગુજરાત** | **દ્વારિકાનાથ રથ**<br>**કન્વીનર, લોક આંદોલન, ગુજરાત** | **ઈન્દુભાઈ જાની**<br>**તંત્રી, નયામાર્ગ** |
| **રજની દવે**<br>**ગુજરાત સર્વોદય મંડળ** | **મહેશ પંડ્યા**<br>**ગુજરાત સોશ્યલ વોચ** | **મીનાક્ષી જોષી**<br>**મહિલા સાસ્કૃતિક સંગઠન** |

**૬-૭, રંગોલી કોમ્પલેક્ષ, વી.એસ. હોસ્પિટલ સામે, એલીસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. મો.: ૦૯૮૨૫૩૮૨૫૫૬**